# વિશ્વાવસુ સંવત્સર, શાલિવાહન શક 1947 - શુભારંભ અને મહત્ત્વ

**ધર્મ દર્શન**
**બાળકૃષ્ણ વડનેરે**

આજે ફાગણ વદ દશમ છે અને સપ્તાહના અંતે તા. 30 માર્ચે- રવિવારે શાલિવાહન શક 1947નો શુભ પ્રારંભ થાય છે. હિન્દુ પંચાંગમાં મહારાષ્ટ્ર અને દક્ષિણ ભારતમાં શાલિવાહન શક 1947નો આ ગુડી પડવાનો બહુ જ મહત્ત્વ ધરાવતો તેજસ્વી તહેવાર છે. નવું વર્ષ તથા નૂતન વર્ષની મુબારકબાજી આપવાનો સહયોગી મૈત્રીનો દિવસ છે.

ચૈત્ર માસનો પ્રથમ દિવસ એટલે શાલિવાહન શક 1947 વિશ્વાવસુ સંવત્સર ગુડી પડવો અને ચૈત્રી નવરાત્રિની શરૂઆત. ઘટસ્થાપના, ગુડી એટલે ધર્મધ્વજાનું સ્થાપન કરવું, કડવો લીમડો, એનાં ફૂલ અને પર્ણનું મીઠું મધુરું શરબત બનાવીને પ્રસાદરૂપે બધાંને આપવું. એકબીજાને મળવું, સ્વાગત કરવું, શુભેચ્છાનું આદાનપ્રદાન કરવું અને નવા વર્ષની ઉજવણી કરવી. આ દિવસ સાડા ત્રણ મુહૂર્તનો હોય છે એટલે નવા કામકાજની શુભ શરૂઆત કરાય છે. પહેલું નોરતું હોવાથી દેવી શૈલપુત્રીની મહા પૂજા આરંભાય છે.

પૌરાણિક ઉલ્લેખના આધારે આ દિવસે બ્રહ્મદેવે સૃષ્ટિની ઉત્પત્તિનો પ્રારંભ કર્યો હતો તથા પ્રાચીન કાલગણનાનો પ્રારંભ પણ આ દિવસે થયો હતો. યુગારંભની શરૂઆત પણ આ દિવસે થઈ અને નૂતન સંવત્સર આરંભ પણ આ દિવસે થાય છે. બહુતાંશ પ્રાચીન પુરાણકાલીન તથા ઐતિહાસિક શુભ ઘટનાના પ્રસંગો ચૈત્ર સુદ પડવાને દિવસે નોંધાયેલ છે. એટલે આ દિવસનું મહત્ત્વ છે અને



બ્રહ્મધ્વજાની સ્થાપના કરવામાં આવે છે અને સાંસ્કૃતિક, સામાજિક કાર્યક્રમોનું આયોજન થાય છે.

ગુડી ઉભારવી એટલે સ્વસ્થ, સુખી, વૈભવી, ઐશ્વર્યવાન સમાજનું પવિત્ર પ્રદર્શન છે. મહારાષ્ટ્ર અને દક્ષિણમાં ઘરઘરમાં ગુડી ઉભારવાની પવિત્ર પ્રથા જાળવેલી છે. વાંસની લાકડીને ધોઈને ચંદન તિલકથી સજાવીને એના પર રેશમી વસ્ત્ર લપેટીને તાંબાનો કળશ તેના ઉપર ઊંધો મૂકીને અલંકૃત કરીને પુષ્પમાળા, કડવા લીમડાનાં પર્ણ ફૂલથી તે લાકડીને સજાવીને ઘરના બારણા પાસે સ્થાપન કરીને આરતીપૂજન કરીને વૈભવી દર્શન કરવામાં આવે છે.

સવારે સ્થાપના. બપોરે મિષ્ટાન્નની થાળનો ભોગ આપીને ગુડીને નમસ્કાર કરાય છે. નવાં વસ્ત્રો, નવા અલંકાર પહેરી વડીલોને નતમસ્તક થઈને આશીર્વાદ લેવાના હોય છે. સારા વિચારો અને સૌના સુખનો નિર્ણય કરવાનો આ દિવસ છે. સાંજે સૂર્યાસ્ત પહેલાં ગુડીને ઉતારીને મૂકી દેવામાં આવે છે. ચૈત્ર માસમાં જ વસંતઋતુનું આગમન થાય છે.

શિશિરની ઠંડી ઓછી થાય છે પણ ગરમીનું પ્રમાણ વધે છે એટલે પ્રાણીઓ માટે પાણીની વ્યવસ્થા કરવાનું પણ પુણ્યકારક કામ કરવા જેવું છે. રાહગીરો માટે ઠંડું પાણી મળે તે માટે ચોકડી પર પાણીના માટલા મૂકવાની વ્યવસ્થા પણ સમાજ કરે છે.

મનુષ્યમાત્ર માનવ સમાજ માટે અનેક સુખકારક કામ કરી શકે છે અને તહેવારો, ઉત્સવો, જયંતી અને પુણ્યસ્મરણની તિથિઓ આપણું ધ્યાન લોકસેવા તરફ લઈ જાય છે અને અનેક જગ્યાએ પાણીની પરબો ઊભી થાય છે. પશુપક્ષી માટે પણ ચણ અને પાણીનાં વાસણો મૂકવામાં આવે છે. ધર્મ માણસનું રક્ષણ કરે છે તો ધર્મરક્ષણ એ માણસનું કર્તવ્ય થાય છે.

ભારતીય ધર્મશાસ્ત્ર સંહિતામાં સ્વધર્મ વિષયમાં સમજણ પડે એવી ઉપદેશાત્મક માહિતી છે. કોઈ પણ બીજા ધર્મની વિડંબના કે મશ્કરી ન કરવી એ પ્રથમ આજ્ઞા છે અને પોતાના ધર્મ વિશે હંમેશ જાગૃત રહેવું એ બીજી આજ્ઞા છે. એ પારંપારિક ધર્મ, દેવ, દેવી, દેવતાનો છે અને આર્ય વ્રતના લોકોને આ ધર્મ પ્રાણપ્રિય છે. આ ધર્મમાં જન્મ મળવો અનેક જન્મના પુણ્ય સંસ્કારનું ફળ કહેવામાં આવે છે.

શાલિવાહન શકનો પ્રારંભ સાથે ચૈત્રી પંચાગનો પણ પ્રારંભ થાય છે. તે દિવસે પંચાંગનું પૂજન થાય છે. ગ્રંથવાંચન, ગ્રંથલખાણ, વિધ્યારંભ તથા અધ્યયન, અધ્યાપન અને અધ્યાત્મિક માર્ગ અનુસરવાનું કામ પણ શરૂ થાય છે. દ્વેષ, મત્સર, ભેદાભેદ, લોભ, લાલચ, સ્વાર્થને તિલાંજલિ આપવાનો ચૈત્ર મહિનો છે. પ્રેમ સદ્દભાવના, સખ્ય અને મૈત્ર ભાવ જાગૃત કરવાનું શ્રેય ચૈત્ર માસમાં છે. એની દરેક તિથિ અને યોગ મનુષ્ય જીવનને પરોપકાર અને પરસેવા કરવાનું શીખવે છે. શુદ્ધ ભાવના અને સતચારિત્યને જીવનમાં મહત્ત્વ આપવાની ચૈત્ર માસની શીખામણ છે અને પ્રભુ રામચંદ્રનો અવતાર પણ ચૈત્ર સુદ નોમનો છે.

> **પૌરાણિક ઉલ્લેખના આધારે આ દિવસે બ્રહ્મદેવે સૃષ્ટિની ઉત્પત્તિનો પ્રારંભ કર્યો હતો તથા પ્રાચીન કાલગણનાનો પ્રારંભ પણ આ દિવસે થયો હતો. યુગારંભની શરૂઆત પણ આ દિવસે થઇ અને નૂતન સંવત્સર આરંભ પણ આ દિવસે થાય છે**

---

# રામનામનો મહિમા

**પંચામૃત**
**નીલાક્ષી પરીખ**

બે ચોપાઈમાં સીતાજીની વંદના, બે ચોપાઈમાં રામજીની વંદના કર્યા પછી એક દોહા દ્વારા બંનેની સંયુકત વંદના કરી, એમની અભિન્નતા બતાવી.

‘ગિરા અરથ જલ બીચિ સમ કહિઅત ભિન્ન ન ભિન્ન.
બંદઉં સીતા રામ પદ જિન્હહિં પરમ પ્રિય ખિન્ન.’

વાણી અને એનો અર્થ એ બંને ભિન્ન હોવા છતાં અભિન્ન છે. જળ અને તરંગ એ નામ જુદાં હોવા છતાં અભિન્ન છે. ગોસ્વામી કહે સીતા-રામના ચરણમાં નમસ્કાર કરું છું જેને દુઃખી પર ખૂબ પ્રેમ છે. પછી એક ક્રાંતિકારી ઘટના રામચરિત માનસમાં ઘટે છે. જે અન્ય ગ્રંથોમાં નથી મળતી. ગોસ્વામી આટલી વંદના કર્યા પછી, રામ મહારાજની વંદના કરી હવે નામ મહારાજની વંદના કરે છે. ‘બંદઉ નામ રામ રઘુબરકો, હેતુ કૃશાનુ ધામ હિમ કર કો.’ કલિકાલમાં તો નામ મહારાજ આપણી પાસે છે. નામાવતાર. રામાવતાર તો ત્રેતાયુગમાં થયો પણ નામાવતાર તો અત્યારે પણ આપણી પાસે છે. સુલભ છે, તમે દર્શન કરી શકો, લખી શકો, સંકીર્તન કરી શકો. રામની વંદના કરવામાં તો બે ચોપાઈ લખી પણ રામ નામની વંદના તો બે-ત્રણ પાનાં ભરીને કરી. રામજીએ તો કેવળ તપસ્વિની સ્ત્રી અહલ્યાને તારી પણ રામના નામે તો અનેકની કુમતિને સુધારી. રામજીએ લંકામાં જવું હતું તો 400 ગાઉનો સેતુ બાંધવો પડ્યો પણ રામનામની મુદ્રિકા મુખમાં મૂકી હનુમાજી વગર સેતુએ સાગરને પાર ગયા! ‘પ્રભુ મુદ્રિકા મેલી મુખ માંહિ જલધિ લાંઘી ગયે અચરજ નાંહિ’ રામનામની મુદ્રિકા હશે તો આપણે ય ભવસાગર તરી જઈશું. ભક્તિ સુધી પહોંચીશું. તુલસીજી તો ત્યાં સુધી કહે રામ સે બડા રામકા નામ. રામનામની વંદના કરતા ગોસ્વામીજી કહે છે- જે રીતે ભગવાન નૃસિંહે ભકત પ્રહલાદની રક્ષા કરી હિરણ્યકશિપુને માર્યો તેમ કતિકાલરૂપી હિરણ્યકશિપુથી બચવા પ્રહલાદ બની ભગવાનના નામનો આધાર લો. પરમાત્માનું નામ નૃસિંહ બની હિરણ્યકશિપુ રૂપી કલિકાલથી રક્ષા કરશે.

‘રામનામ નરકેસરી કનક કશિપુ કતિકાલ.
જાપક જન પ્રહલાદ જિમિ પાલિહિ દલિ સુરસાલ.’



રામજીના નામની વંદના કરી. ગોસ્વામીજીને કોઈકે પૂછ્યું કે તમે નિર્ગુણને માનો કે સગુણને? તુલસીજીએ જવાબ આપ્યો. બંનેને. મારા મતે નિર્ગુણ અને સગુણમાં કોઈ ભેદ નથી. ‘મોરે મત બડનામ દુહુતે’ કારણ બંને એનાં જ રૂપ છે. ‘અગુન હિ સગુન હિ નહીં કછુ ભેદા.’ તત્ત્વતઃ એમાં કોઈ ભેદ નથી. જળને તમે શીતળતા આપો એટલે એ બરફ થાય. પાણી હોય કે બરફ રૂપ બદલાય છે. ઘન થાય અને પીગળે એટલે વળી પાછું પાણી થાય. ઓકિસજન, હાઈડ્રોજન ગેસ ફોમ, આઈસ-સોલિડ ફોમ અને વોટર-લિક્વિડ ફોમ ત્રણેમાં તત્ત્વથી કોઈ ભેદ નથી. કોલસો અને હીરો બંને કાર્બન છે એમ નિર્ગુણ નિરાકાર એ ભકતોની ભક્તિની શીતળતાને કારણે એ સગુણ સાકાર થઈને આવે. તેથી મારે મતે નિર્ગુણ-સગુણમાં કોઈ ભેદ નથી. સારું. તમે બંનેમાં માનો છો? કહ્યું હા. તો એ બંનેમાં મોટું કોણ? નિર્ગુણ શ્રેષ્ઠ કે સગુણ? મારે મતે મોટું તો એનું નામ છે. ‘મોરે મત બડનામ દુહુતે’ એ બંને કરતાં એનું નામ મોટું છે. રામ કરતાં રામનું નામ મોટું એમાં જરાય નવાઈ નથી. કવિ કાગે એક સાહિત્ય રચ્યું છે- નામનો મહિમા બતાવતું કે રાવણના કુળનો નાશ કર્યા પછી રામને એક દિવસ વિચાર આવ્યો કે મારે નામે પથ્થર તર્યા! સેતુ બન્યો!

‘કુળ રાવણ તણો નાશ કીધો પછી
એક દિ રામને વહેમ આવ્યો.
મુજ તણાં નામથી પથ્થર તરતાં થયા આ બધો ઢોંગ કોણ રચાવ્યો?
પછી એ જ વિચારવા આપ ઊભા થયા કોઈને નવ પછી સાથ લાવ્યા.’

વિચારતાં, વિચારતાં પ્રભુ ઊભા થયા. કોઈને સાથે ન લાવ્યા. સર્વથી છુપા છુપા રામ સાગરના કિનારે આવ્યા. વળી આજુબાજુ જોયું. એકલો જ છું ને? રામને એમ કે કોઈ જોતું નથી ત્યારે એક વ્યક્તિ એને જોતી હતી એ કોણ હતું? તે દિ ચતુર હનુમાનજી બધું ય સમજી ગયા અને ચાલીયા શ્રી રઘુનાથ પહેલે. હનુમાનજી કેમ જાગતા હતા? એટલા માટે કે હું રામનો દાસ. એ વેરીના વતનમાં રામને એકલા કેમ મેલે? ગમે તેમ તોયે આ વેરીનું વતન છે અને હનુમાનજી તો દાસ છે. અંગરક્ષક છે. સ્વામીને એકલા મુકાય? રેઢા મુકાય? ના. હનુમાનજીને બહુ આશ્ચર્ય થયું કે આમને ઊંઘ આવતી નથી? ઊભા થયા ને સાગર તીરે ચાલ્યા? હનુમાન પણ પાછળ-પાછળ ઝાડી હતી વૃક્ષની તેમાં હનુમાનજી છુપાયા. આગળ શું થયું? ચોરના જેમ હનુમાન સંતાઈને વૃક્ષની ઘટાથી નીરખે છે. ચિત્તમાં કપિને ખૂબ વિસ્મય થયું આજ રઘુનાથજી શું કરે છે? ચોરની જેમ છુપાઈને હનુમાનજી જુએ છે. બહુ આશ્ચર્ય થયું આજે આ શું? અડધી રાતે! રામજી સાગર તીરે! ત્યાં રામજીએ એક પથ્થર ઉઠાવ્યો હાથમાં.

તીર સાગર તેણે વીર ઊભા રહ્યા, જાણે એ કોઈથી હોય ડરતા. હાથમાં કાંકરી એક લીધા પછી, ચો દિશે રામજી નજર કરતા. વળી જોઈ લીધું. કોઈ જોતું નથી ને? આ કામ એવું હતું. ખાનગીમાં કરવાનું. કોઈ જુએ નહીં એમ હાથમાં નાનકડો પથ્થર લીધો. ભગવાને વિચાર્યું કે મારા નામથી જો મોટી-મોટી શિલાઓ તરી તો હું સ્વયં રામ મારા હાથે આ કાંકરી ફેંકું તો તરવી જોઈએ. લાવ જોઉં તો ખરો. જયાં કાંકરી ફેંકી- ‘ફેંકતા કાંકરી તુરત તળિયે ગઈ ને તસ્કરે જાણે હોય લૂંટયા. રામ પોતા થકી ખૂબ ભોંઠા પડયા ને શરમના શેરડા મુખ છૂટયા’ ભોંઠા પડયા, શરમાયા-તળપદી શબ્દ છે- શરમના શેરડા છૂટયા મુખ પર કે કાંકરી તળિયે જતી રહી! હવે હનુમાનને ખબર પડી કે વાત શું છે? રામજી પરેશાન હતા કાંકરી ડૂબી ગઈ તેનાથી અને હનુમાનજી દોડતા આવ્યા. રામજીના ચરણમાં પડયા. ચરણમાં જઈ કપિ હાથ જોડી કહે, ‘‘નાથજી, આ મતિ, આ વિચાર કેમ આવ્યો?’’ રામજી કહે-‘‘તું!’’ હનુમાન કહે- ‘‘હા, જાગું છું.’’ પ્રભુ કહે-કેવી મતિ? કર ગ્રહ્યો જેહનો તેહને છોડતાં આપના બિરદની શરમ ન આવી? રસપ્રદ સંવાદ હવે પછી -

(પૂ.શ્રી રમેશભાઈ ઓઝા (પૂ.ભાઈ)ના સત્સંગને આધારે)

> **વાનરો મોટી-મોટી શિલા લઇ આવ્યા. મારું નામ લખ્યું એના પર અને મારું નામ લખી લખીને શિલાને તરતી મૂકી સાગરમાં! અને એ શિલાઓ તરી! સેતુ બંધાયો! સમજ નથી પડતી કે મારે નામ પથ્થર તર્યા! આવ્યા સાગરને તીરે. કોઇ જોતું તો નથી ને?**